# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
**યુનિવર્સિટી રોડ, પાટણ – ૩૮૪ ૨૬૫**

## વિષય :– પરીક્ષા સંચાલન ખર્ચ અંગે...

**<u>પરિપત્ર ક્રમાંક : ૨૭ / ૧૭૫ / ૨૦૧૪</u>**

આ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ યુનિવર્સિટી વિભાગના અધ્યક્ષશ્રીઓ / કો.ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીની લેવાનાર જુદી જુદી પરીક્ષાઓના સંચાલન ખર્ચ પેટે આ અગાઉ પરિપત્ર ક્રમાંક : ૨૪૮/૨૦૧૩ જાવક નં. પરીક્ષા / સંચાલન/૭૫૬૫/૧૩ તા.૩૧–૧૨–૧૩ થી સંચાલન ખર્ચ પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂા.૮૦/– લેખે ચુકવવા અંગે પરિપત્રિત કરેલ.

તા.૨૫–૭–૨૦૧૪ ની કારોબારી સમિતીના ઠરાવ ક્રમાંક : ૪૩ થી પુનઃ પુખ્ત ચર્ચા વિચારણાના અંતે જુદા જુદા પરીક્ષા કેન્દ્રોને ચુકવવામાં આવતી પરીક્ષા સંચાલન ખર્ચની પ્રતિ વિદ્યાર્થી દીઠ રકમ નીચે મુજબ નિયત કરેલ છે.

(૧) વિદ્યાર્થી સંખ્યા ૧ થી ૫૦૦ સુધી વિદ્યાર્થી દીઠ રૂા.૮૦/– (અંકે રૂપિયા એંશી પુરા) લેખે સંચાલન ખર્ચ પેટે ચુકવવામાં આવશે અને આ રકમ ખર્ચ પેટે ચુકવણું કરતાં ખૂટે તો સંચાલન ખર્ચના વાસ્તવિક બીલો રજૂ કરવાના રહેશે.
(૨) વિદ્યાર્થી સંખ્યા ૫૦૧ થી ૧૦૦૦ સુધી પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂા.૭૫/– ના દરે જ સંચાલન ખર્ચ મળવાપાત્ર રહેશે.
(૩) વિદ્યાર્થી સંખ્યા ૧૦૦૧ થી વધુ હોય તો પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂા.૭૦/– ના દરે જ સંચાલન ખર્ચ મળવાપાત્ર રહેશે.

ક્રમ નં.૨ અને ૩ માં દર્શાવેલ વિદ્યાર્થી સંખ્યા માટે અન્ય કોઈ વધારાની રકમ ચુકવવામાં આવશે નહી જેની નોંધ લેશો.

પરીક્ષા સંચાલન ખર્ચ માટે અત્રેથી કરેલ પરીપત્ર ક્રમાંક : ૭૬ જાવક નં.પરી / સંચાલન / ૮૫૦ / ૨૦૧૩ તા.૯/૪/૨૦૧૩ પ્રમાણે નકકી કરેલ મહેકમના માળખા પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે. અને તેમાં સંચાલન ખર્ચના તમામ સ્ટેટમેન્ટ–એ, બી, સી, ડી, ઈ ના પત્રકો પ્રમાણેના ખર્ચનો તથા અન્ય પરીક્ષાલક્ષી તમામ પરચૂરણ ખર્ચ સ્ટેશનરી ખર્ચ સહિતનો ખર્ચ સદર રકમમાંથી ચુકવવાનો રહેશે.

ઉપરોકત ચુકવાયેલ રકમમાં તમામ પ્રકારના સંચાલન ખર્ચનો સમાવેશ થશે. અને પરીક્ષા સંચાલનલક્ષી કોઈ પણ વધારાની રકમ ત્યારબાદ યુનિ. ચૂકવશે નહી.

કોલેજના આચાર્યશ્રી તેમજ ભવનોના અધ્યક્ષશ્રીઓ / કો–ઓર્ડીનેટરશ્રીઓએ તેઓના કેન્દ્રોમાં પરીક્ષા કઈ તારીખથી કઈ તારીખ સુધી કેટલા દિવસ ચાલેલ છે. તેમજ પરીક્ષામાં બેઠેલ કુલ વિદ્યાર્થી સંખ્યા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(ડૉ. ગિરીશ જે. ઠકકર)
પરીક્ષા નિયામક

જા.નં.પરીક્ષા/સંચાલન/ ૬૨૦૯ / ૨૦૧૪
હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પાટણ – ૩૮૪ ૨૬૫
તારીખ : ૧૭ –૧૦– ૨૦૧૪

પ્રતિ,
૧. હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાઓની કોલેજોઓના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ. / ભોબચી સહિત
૨. યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ
૩. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજના આચાર્યશ્રી / વડાશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ
૪. માન્ય સંસ્થાના આચાર્યશ્રી તથા વડાશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ

**<u>નકલ સવિનય જાણ સારૂ રવાના :</u>**
૧. કુલપતિશ્રી / ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રી, હેમ. ઉ.ગુ. યુનિ., પાટણ તરફ જાણ સારૂ
૨. પરીક્ષા નિયામકશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૩. યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાશ્રીઓ
૪. કાર્યાલય નોટિસ બોર્ડ / પરીક્ષા વિભાગ નોટિસ બોર્ડ
૫. હેડકલાર્ક – ખાનગી શાખા / જનરલ શાખા / સેલ શાખા(પરીક્ષા)
૬. કુલપતિશ્રીના અંગતસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તરફ
૭. સિસ્ટમ એનાલિસ્ટશ્રી,રીઝલ્ટ સેન્ટર તરફ જાણ તેમજ **E-MAIL** દરેક કોલેજોને મોકલવા કાર્યવાહી સારું